સેવાભાવનાથી પ્રેરિત યુવાને ઝુંપડપટ્ટીમાં વડાપાઉં વહેંચ્યા

જેને ખરેખર સેવા કરવી જ છે તે ગમે ત્યાં કરી શકે છે. એ માટે નથી કોઈ મંચની જરૂર કે નથી કોઈ સંસ્થાની જરૂર, બસ દિલમાં સેવાની ભાવના હોવી જોઈએ. આવી જ સેવા ભાવના કોલવડાના પ્રતિક પટેલ નામના યુવાનના દિલમાં છે અને જ્યારે પણ તક મળે ત્યારે તેઓ સેવાકાર્ય કરવા લાગી જાય છે. આજે તેમણે સે. ૨૩ની ઝુંપડપટ્ટીના બાળકોને વડાપાઉં ખવડાવતા કેમેરાની આંખે ચડી ગયા હતા. (તસવીર : સમીર રામી)

સેક્ટર- ૨૮માં રોડ રી-સરફેસીંગ અધુરૂ છોડી દેવાતા રહીશો પરેશાન

વન વિભાગે કરેલી ફેન્સીંગ પણ મરામતના અભાવે નાશ પામતા લોકો લઘુશંકા સહિતની ગંદકી ફેલાવી રહ્યા હોવાથી દુર્ગંધનું સામ્રાજ્ય

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટરોમાં ઘણા સમયથી રોડ રીસરફેસીંગનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. સેક્ટર-૨૮માં આ રીસરફેસીંગનું કાર્ય કોન્ટ્રાક્ટર દ્વારા અધુરૂ મુકી દેવાતા અને આ કાર્યમાં વપરાતો માલસામાન પણ રોડ પર જ રહેવા દેવાતા રહીશોને ભારે હાલાકી પડી રહી હોવાની બૂમ ઉઠવા પામી છે. આ ઉપરાંત આ સેક્ટરમાં વન વિભાગ દ્વારા કરવામાં આવેલ તાર ફેન્સિંગ પણ માવજતના અભાવે ખૂબ બદતર હાલતમાં આવી જવા પામી છે અને તેનો લાભ લઈ અનેક લોકો લઘુશંકા જેવા ગંદકી ફેલાવાના કાર્યો કરી રહ્યા છે. જેથી આ સેક્ટરના રહીશો ત્રાહિમામ પોકારી રહ્યાં છે.

સેક્ટર-૨૮માં રોડ રી-સરફેસીંગનું કામ થોડા સમય પહેલા ચાલુ કરવામાં આવ્યું હતું. પરંતુ પ્લોટ નં. ૨૩૧ થી પ્લોટ નંબર-૨૧૭ તરફ જતા ઘ-૬ તરફનો રસ્તો હજુ પણ બિસ્માર હાલતમાં છે. આ જગ્યાએ રોડને રી-સરફેસ કરવા સાફ કરીને આજુબાજુમાં માટીના ઢગ ખડકી દેવામાં આવ્યા છે, પરંતુ ઘણા સમયથી આ કાર્ય આટલે સુધી જ અટકેલુ રહેવા પામ્યું છે. માટીના ઢગલાંઓને કારણે લોકોને અવરજવરમાં ખૂબ મુશ્કેલી પડી રહી છે. સ્થાનિક રહેવાસીઓ દ્વારા આ કાર્ય બાબતે રોડ કોન્ટ્રાક્ટર સહિત જવાબદાર કર્મચારીઓને અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ પરિસ્થિતિમાં કોઈ ફરક પડ્યો નથી.

આ ઉપરાંત સેક્ટર-૨૮માં વન વિભાગ દ્વારા તારની વાડનું કાર્ય પણ થોડો સમય અગાઉ કરાયું હતું. આ કાર્યને કારણે મુખ્ય માર્ગ નજીકના વૃક્ષોની આડશમાં લઘુશંકા કરતા લોકોથી છુટકારો મળ્યો હતો. ઘણા સમયથી આ વાડની યોગ્ય મરામત કે માવજત ના લેવાવાના કારણે લગભગ ફેન્સીંગનો ૯૦ ટકા હિસ્સો બચ્યો નથી. આ કારણે અસંખ્ય વૃક્ષોનું વિકાસ પામતા પહેલા નિકંદન નીકળી જવા પામ્યું છે. વળી, તારની વાડ અદૃશ્ય થતાં જ અનેક લોકોએ આ જગ્યાઓનો લઘુશંકા સહિતના કાર્યોથી ગંદકી ફેલાવાનું ચાલુ કરી દેતા દુર્ગંધ સાથે રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રપણ પણ વધવા પામ્યો છે. વન વિભાગ દ્વારા આ ફેન્સીંગને સત્વરે રીપેર કરાય તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

મહિલાએ શરીરે કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દીધી

સેક્ટર-૨૪ ઈન્દીરાનગર છાપરામાં રહેતી મહિલાએ આપઘાત કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪, ઈન્દીરાનગર છાપરા વિસ્તારમાં પિયરમાં રહેતી ૪૦ વર્ષીય મહિલાએ ગઈ મોડી સાંજે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર શરીરે કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દઈ અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સે. ૨૧ પોલીસે મહિલાનો મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ પતિના અવસાન બાદ ૨૦ વર્ષના પુત્રને લઈને પિયરમાં પોતાના ભાઈ સાથે પિયરમાં રહેતી ૪૦ વર્ષિય કમીબેન ઉર્ફે કમળાબેને ગઈ મોડી સાંજે કોઈ કારણોસર શરીરે કેરોશીન છાંટીને અગનપછેડી ઓઢી લીધી હતી. આગમાં લપેટાયેલી મહિલાને બચાવવા પરિવારજનોએ દોડધામ કરી પરંતુ ગંભીર રીતે દાઝી ગયેલી કમળાબેને આખરે દમ છોડ્યો હતો. આપઘાત કરી લેનાર મહિલાનો મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે મોકલી સે. ૨૧ પોલીસમથકના જમાદાર વિરભદ્રસિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં માનસિક બિમારીથી મહિલા પીડાતી હોવાનું બહાર આવ્યુ હોવાનું પોલીસનું કહેવુ છે.



શ્રી શિવ મહાપુરાણ કથા આયોજન સમિતિ, ગાંધીનગર દ્વારા ગાંધીનગરના આંગણે મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે શ્રી શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવા આવ્યું છે. શ્રી શિવ મહાપુરાણ કથાનો આરંભ તા. ૧૦મી ફેબ્રુઆરી,૨૦૧૫ના રોજ થયો હતો. કથાની પૂર્ણાહુતિ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ થનાર છે. આજરોજ ગુજરાત વિદ્યાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતસિંહ વસાવા ભગવાન શિવજીના ગુણાનુવાદની પાવનકથાના શ્રવણ માટે પધાર્યા હતા. વિદ્યાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતસિંહ વસાવાનું વ્યાસપીઠે બિરાજમાન પૂજય કન્હૈયાલાલ મહારાજના હસ્તે સન્માન કરાયું હતું. અધ્યક્ષ શ્રી ગણપતસિંહ વસાવાએ વ્યાસપીઠના દર્શન કર્યા હતા.

પ્રાગદાસ બાપાની પ્રતિમા : ગાંધીનગરના મુક્તિધામ ખાતે પૂ. પ્રાગદાસ બાપાની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ અને પરિવારના વડા નારણભાઈ પટેલ (એન.પી.), સૌરાષ્ટ્ર કચ્છ સમાજના પ્રમુખ જીલુભા ધાંધલ અને કુટુંબીજનો ઉપસ્થિત રહ્યા હતા.

પંચદેવ મંદિર પાસેથી ચાર દારૂ પીધેલા પકડાયા

જાહેરમાં દારૂ ઢીંચીને ફરતા નબીરાઓને સે. ૨૧ પોલીસે ઝડપી લીધા : ગુન્હો દાખલ

ગાંધીનગર, તા. ૧૨

સેક્ટર-૨૨ પંચદેવ મંદિર પાસેથી ગત મોડી રાત્રે ચાર નબીરાને દારૂ પીધેલી હાલતમાં પકડવામાં આવ્યા હતા. ચારે નબીરાઓએ સેક્ટર-૨૧ પોલીસે નશાબંધી ભંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પાટનગરના સેક્ટર-૨૨ પંચદેવ મંદિર પાસે ગત મોડી રાત્રે ચાર પીધેલી હાલતમાં ફરી રહ્યા હતા. દારૂ ઢીચીને અલમસ્ત બનીને ફરતા અંકુર જીતેન્દ્ર પટેલ રહેવાસી પ્લોટ નંબર ૬૫૯ સેક્ટર-૨૨, જીતેન્દ્ર નારણ પટેલ રહેવાસી શ્રેયસ સોસાયટી સેક્ટર-૨૨, બલભદ્રસિંહ જયેન્દ્રસિંહ જાદવ રહેવાસી ૮૬/૧૨, જ-ટાઈપ, સેક્ટર-૨૨ અને વિરમ પરસોત્તમ પટેલ રહેવાસી ૧૬૮-એ-૨, સેક્ટર-૨૯ને જાહેરમાં દારૂ ઢીચીને ફરતા ઝડપી પાડવામાં આવ્યા હતા.

ચારેય પોટલીબાઝોને ધાર્મિક સ્થળની નજીક અને જાહેરમાં દારૂ પીને ફરતા હોવાથી સેક્ટર-૨૧ પોલીસે ઝડપી પાડ્યા હતા અને ચારેય વિરૂદ્ધ નશાબંધી ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સંતશ્રી લાલાબાપાની મૂર્તિ પ્રસ્થાપિત કરાઈ

શહેરના સેકટર-૩૦ ખાતે આવેલ મુકિતધામમાં ગાંધીનગર મોચી સમાજ દ્વારા સમાજના સંતશ્રી લાલાબાપાની આરસની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી.

ગાંધીનગર જુનિયર સિટીઝન કાઉન્સિલ સંચાલિત મુકિતધામના નિર્માણ સમયે દેવી દેવતાઓની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારે સમય જતા મૂર્તિઓ ખંડિત થતા નવી મૂર્તિઓ પ્રસ્થાપિત કરવા મુકિતધામના કાર્યકર જીલુભા ધાંધલે સેવાભાવી સંસ્થાઓને આહવાન કર્યુંહતું ત્યારે ગાંધીનગર મોચી સમાજ દ્વારા મુકિતધામ ખાતે સમાજના સંતશ્રી લાલાબાપાની આરસની મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવી હતી. ભગવાનભાઈ ગોહિલ, હસમુખભાઈ વાઘેલા, શૈલેષભાઈ જાદવ સહિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

છેતરપીંડી કરીને પંજાબ ભાગી ગયેલો શખ્સ ઝડપાયો

ટ્રેકટરની ખરીદી બાબતે છેતરપીંડી આચરી હતી : એબસ્કવોન્ડર સ્કવોર્ડે ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૧૨

જિલ્લાના નાસતા ફરતા આરોપીઓ ને પકડવા માટે જિલ્લા પોલિસ અધિક્ષક શરદ સિંઘલની સુચનાથી ઈન્ચાર્જ એલસીબી પીઆઈ જે.ડી. બ્રહ્મભટ્ટે એબસ્કવોન્ડર સ્કવોર્ડને પરિણામ લક્ષી કામગીરી માટે સુચના આપી હતી. ગઈ કાલે સ્કવોર્ડના એએસઆઈ અશોકભાઈ, હે.કો. દિલીપસિંહ, પો.કો. કિરીટકુમાર, મહીપાલસિંહ સહિતના માણસોએ ટ્રેકટર ખરીદવા બાબતે છેતરપીંડી આચરી પંજાબ ભાગી ગયેલ એક શખ્સને અમદાવાદથી ઝડપી પાડયો હતો. માણસા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૪માં ગુરુપ્રીતસિંહ લેબરસિંગ આઉજલા સામે ગુનો નોંધાયો હતો. તેની ધરપકડ કરી માણસા પોલીસને સોંપવામાં આવ્યો છે.

વાવોલમાં સ્વાઈન ફલુ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલ ખાતે સ્વાઈન ફલુ અંગે જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના ધોરણ ૭ થી ૧૦ના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ કાર્યક્રમનો લાભ લીધો.

કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. હરેશભાઈ ત્રિવેદી, મોટી આદરજના મેડીકલ ઓફિસર ડૉ. લતાબેન મેવાડા તથા હેલ્થ સેન્ટર વાવોલના કાર્યકર કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય બી.એ. પટેલે આવકાર અને મહેમાનોનો પરિચય આપ્યો હતો.

આ કાર્યક્રમમાં સ્વાઈન ફલુ રોગનો ઉદભવ, પરિચય, રોગના લક્ષણો, બચવાના ઉપાયો, રોગથી બચવા રોજિંદા જીવનમાં રાખવા જેવી તકેદારીઓ વિશે સુંદર માહિતી આપવામાં આવી હતી તથા રોજબરોજના જીવનમાં સ્વાઈન ફલુથી બચવા જેવી તકેદારીઓ વિશે સમજ આપવામાં આવી હતી.

કડવા પાટીદાર સમાજનો ચોથો જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૧૨

પાટીદાર સમાજ દ્વારા ચોથા જીવન સાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. પસંદગી મેળો આગામી તા. ૧લી માર્ચ, રવિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સેક્ટર-૧૨ સ્થિત ઉમાભવન ખાતે યોજવામાં આવશે. પસંદગી મેળામાં ઉપસ્થિત રહેવા લગ્નોત્સુક યુવક-યુવતિઓએ ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૪ કાર્યાલય અને અમદાવાદ રાણીપ સ્થિત બલોલનગર પાસેના કાર્યાલય ખાતે નામ નોંધાવવા જણાવવામાં આવ્યું છે.

વિકાસના પ્રશ્નોમાં રાજકીય ભેદભાવ નહિ : બોખીરિયા

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજયના કૃષિ, સહકાર, પશુપાલન વિભાગના મંત્રી શ્રી બાબુભાઇ બોખીરિયાના અધ્યક્ષ સ્થાને આજરોજ સ્થાયી પરામર્શ સમિતિની બેઠક સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠકમાં જળસંપત્તિ (કલ્પસર સિવાય), કૃષિ, સહકાર, પશુપાલન અને મત્સ્યોધોગ વિભાગના વિવિધ વિસ્તારના ધારાસભ્યોશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોની ચર્ચા અને વહીવટી ક્ષેત્રમાં નીતિના અમલને લગતી બાબતોમાં વિચાર વિનિમય કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં કૃષિ અને સહકાર વિભાગના મંત્રી શ્રી બાબુભાઇ બોખીરિયાએ જણાવ્યું હતું કે, ખેડૂતોના હિતને લગતા નૈ અને રાજયના વિકાસ માટેના મહત્વના પ્રશ્નોમાં રાજકીય આંટાગુટીમાં ન પડતા સર્વોનુમતે નિર્ણય કરવા સર્વે ધારાસભ્યશ્રીઓને અપીલ કરી હતી. રાજયમાં કૃષિ વિકાસની સાથે સાથે પશુપાલનના વ્યવસાયમાં વધુમાં વધુ લોકો જોડાય અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ પશુપાલકોને સરળતાથી મળી રહે તેવું સુચારું આયોજન કરવા સંબંધિત અધિકારીશ્રીઓને ભારપુર્વક જણાવ્યું હતું.

તેઓશ્રીએ રાજયના ખેડૂતો ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરતા થાય તે માટે ડ્રીપ ઈરીગેશન સંબંધિત સરકારની વિવિધ યોજનાઓ અને ડ્રીપ ઈરીગેશનથી ખેતી ઉત્પાદનમાં થતાં ફાયદાઓથી ખેડૂતોને વાકેફ કરવા પણ ભારપુર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં રાજયના કૃષિ, સહકાર, પશુપાલન, જળસંપત્તિ (કલ્પસર સિવાય) અને મત્સ્યોધોગ વિભાગના વિવિધ વિસ્તારના ધારાસભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશ્નોના ઉત્તર સંબંધિત અધિકારીશ્રીઓ દ્વારા વિસ્તાર પુર્વક અને ધારાસભ્યોને સંતોષ થાય તે રીતે આપવામાં આવ્યા હતા. અમુક પ્રશ્નો પર મંત્રી શ્રી બાબુભાઇ બોખીરીયા, ધારાસભ્યો અને સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી હતી આ બેઠકમાં કૃષિ, સહકાર, પશુપાલન, જળસંપત્તિ (કલ્પસર સિવાય) અને મત્સ્યોધોગ વિભાગના મહત્વની કામગીરીનું પ્રેઝેન્ટેશન સંબંધિત કચેરીઓના અધિકારીશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. બેઠકના આરંભે કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી રાજકુમારે મંત્રીશ્રીઓ, ધારાસભ્યોશ્રીઓ અને અધિકારીશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું.

સ્થાયી પરામર્શ સમિતિની બેઠકમાં પંચાયત રાજય મંત્રી શ્રી જયંતિભાઇ કવાડીયા, કૃષિ રાજય મંત્રી શ્રી જશાભાઇ બારડ, કુટિર ઉદ્યોગ રાજય મંત્રી શ્રી તારાચંદ છેડા, દસાડાના ધારાસભ્ય શ્રી પૂનમભાઇ મકવાણા, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઇ ચૌધરી, જામનગર (ગ્રામ્ય)ના ધારાસભ્ય શ્રી રાઘવભાઇ પટેલ, મત્સ્યોધોગ કમિશનર શ્રી પી.એલ.દરબાર, સહકાર કમિશનર શ્રી એ.એમ.નરમાવાલા સહિત વિભાગના અધિકારીશ્રીઓ, બોર્ડ, નિગમ, એજન્સી અને કૃષિ યુનિવર્સીટીના વડાશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬
સૂર્યાસ્ત : ૬.૩૪

તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૧૭ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૦૦, ૯.૦૦
બેબી : ૩.૦૦, ૬.૦૦
સ્ક્રીન-૩ :
એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :
રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૧૨.૩૫
મીતવા(મરાઠી) : ૪.૦૦
ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦
બેબી : ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૩.૪૫
ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૫ :
રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧૨.૪૫
બેબી : ૧૦.૦૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦
ષમિતાભ : ૨.૪૦
એમ.એસ.જી : ૫.૫૦
સ્ક્રીન-૨ :
રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦
સ્ક્રીન-૩ :
એમ.એસ.જી : ૮.૪૦,
રોય : ૧૨.૧૦, ૩.૨૦
બેબી : ૬.૩૦
ષમિતાભ : ૯.૪૫
સ્ક્રીન-૪ :
એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. કમીબેન મંછાજી ભીલ (ઉ.વ.૪૦) ઘર નં. ૫૫૫, સેકટર-૨૪, ઈન્દિરાનગર, ગાંધીનગર
- સ્વ. ભીખાભાઈ ભૂલાભાઈ પટેલ (ઉ.વ.૬૮) મુ. મગોડી, તા.જી. ગાંધીનગર